Capital World (Gujarati) Pg 2, 20th July 2022

# અમેરિકી ડોલર ટોચથી ઘટતા બિટકોઈન ૨૩ હજારના સ્તર તરફ આગેકૂચ

## » ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી ૧૫ ઈન્ડેક્સમાં ૨.૨૧ ટકાનો ઉછાળો

**કેપિટલ સંવાદદાતા તા.૧૯**

અમેરિકી ડૉલર ઈન્ડેક્સ તેની ટોચથી ઘટતા બિટકોઈન ફરી આકર્ષક બન્યો હતો અને ૨૨,૦૦૦ની સપાટી પાર કર્યા બાદ મંગળવારે ઝડપી વેગે ૨૩ હજારના સ્તર તરફ આગેકૂચ કરી રહ્યો હતો.

અમેરિકી ડૉલર તેની ૧૪ જુલાઈના રોજની ટોચ બાદ ૨.૬ ટકા ઘટતા ક્રિપ્ટોકરન્સીની તેજીને પણ ટેકો મળી રહ્યો છે કારણ કે વધુ રોકાણકારો આ ડિજિટલ માર્કેટમાં પોતાની પોઝિશન વધારતા હોય છે. ઈથેરિયમમાં પણ તેજી યથાવત્ છે. ઈથેરિયમ સ્ટેકિંગ સર્વિસ લીડોએ લેયર-૨ વિસ્તરણની જાહેરાત કરતા પણ સોમવાર રાતથી ઉછાળો સારા પ્રમાણમાં રહ્યો છે.

અગાઉ, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫મંગળવારે સાંજે આઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૨.૨૧ ટકા (૬૫૯.૯૩ પોઈન્ટ્સ) વધીને૩૧,૭૭૮.૯૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.